## અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની
## સલાહકાર સમિતિ (શૂરા) દ્વારા સ્વિકારેલ 100 ફઝીલતો

**પ્રસ્તાવના:**

આ કિતાબમાં સલાહકાર સમિતિ (શૂરા)ના સમયે અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) દ્વારા રજુ કરવામાં આવેલ દલીલનો તરજુમો છે. એકસો ફઝીલતોનો સ્વીકાર કરેલ હોવા છતાં પણ ઉસ્માન ઈબ્ને અફ્ફાનને છળકપટથી ત્રીજા હાકીમ તરીકે ચુંટવામાં આવેલ. આ દલીલમાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ પોતે પોતાની અસંખ્ય ફઝીલતોમાંથી 100 ફઝીલતો વર્ણવી કે જેને શૂરાના દરેક સભ્યોએ માન્ય રાખેલ.

મહાન આલીમ અલ્લામા મોહમ્મદ બાકીર મજલીસી (અ.ર.) એ આ સંપૂર્ણ દલીલ પોતાની કિતાબ બેહારૂલ અન્વારમાં ભાગ-31, પાના નં. 331-346, શૈખ તબરીસી (અ.ર.)ની અલ-એહતેજાજ, ભાગ-1, પાના નં. 134-145 થી નકલ કરી છે.

આ દલીલથી એ સ્પષ્ટ છે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) કયારેય પણ કહેવાતા ખલીફાઓની કાર્યપધ્ધતિથી સંતુષ્ટ ન હતા અને હંમેશા તેઓ સમક્ષ પોતાના સાચા ખલીફા હોવાની દલીલો રજુ કરતા. આ એ વાતની તરફ પણ નિર્દેશ કરે છે કે લોકો અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની ફઝીલતો જાણતા હોવા છતાં પણ, આપ (અ.સ.) પ્રત્યે હસદ અને નફરતના કારણે આપ (અ.સ.)ને સાચા હાદી અને ઈલાહી ખલીફા તરીકે કબુલ કરતા ન હતા.

આ ફઝીલતો રજુ કરવાનો મકસદ અમીરૂલ મોઅમેનીન (અ.સ.), સર્વ પ્રથમ વિલાયતની દીફા કરના જનાબે ઝહરા (સ.અ.) તથા અઈમ્મએ મઅસુમીન (અ.મુ.સ.) અને ખુસુસન ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ખુશ્નુદી હાંસિલ કરવાનો છે. અલ્લાહ તઆલા ઈમામે ઝમાના (અ.સ.) ના ઝુહુરમાં જલ્દી કરે અને આપણા બધાનો શુમાર તેમના ખાદીમોમાં કરે. (આમીન)

ઉમર ઈબ્ને ખત્તાબના મૃત્યુના સમયે ઉમર દ્વારા સલાહકાર સમિતિ (શૂરા)ની સ્થાપના કરવામાં આવી હતી એ સમયે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) દ્વારા રજુ કરવામાં આવેલી દલીલો.

ઉમરે ઈબ્ને શીમ્ર જાબીરથી અને તેઓ અબુ જઅફર ઈમામ બાકીર (અ.સ.)થી નકલ કરે છે:જ્યારે ઉમર ઈબ્ને ખત્તાબ મરણ પથારીએ હતો. તેણે શૂરાના લોકોને જમા કર્યા જેમાં 6 લોકો કે જેઓ કુરૈશમાંથી હતા જેમકે અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.), ઉસ્માન બીન અફ્ફાન, ઝુબૈર ઈબ્ને અવ્વામ, તલ્હા ઈબ્ને ઉબૈયદુલ્લાહ, અબ્દુલ રહમાન ઈબ્ને ઔફ અને સાદ ઈબ્ને અબી વક્કાસ. ઉમરે હુકમ કર્યો કે તેઓ બધાએ એક ઓરડામાં જમાં થવું જોઈએ અને ત્યાં સુધી બહાર ન આવવું જોઈએ જ્યાં સુધી તેઓમાંથી કોઈ એકની બયઅત કરવામાં ન આવે. અગર તેમાંથી ચાર

કોઈ એકની બયઅત કરે અને એક શખ્સ વિરોધ કરે અને બયઅત ન કરે તો તેને કત્લ કરી નાખો. અગર બે શખ્સ બયઅત કરવાથી દૂર રહે અને ત્રણ શખ્સ તૈયાર થાય તો તે બે શખ્સોને કત્લ કરી નાખો. જ્યારે તેઓ ઉસ્માન (ઉસ્માનને ખલીફા તરીકે ચુંટવામાં આવ્યો)ની નિમણુંક ઉપર એકમત થયા ત્યારે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ફરમાવ્યું: ઉમ્મતને તેમની બયઅતની પરવા નથી (ચાહે તે કરે કે ન કરે). આપ (અ.સ.) ઉભા થયા અને પોતાની દલીલ સંપૂર્ણ કરી અને તેઓને ફરમાવ્યું:

મને સાંભળો, અગર કોઈ માનતો હોય કે હું જે કહી રહ્યો છું તે હક્ક છે, તો પછી તેને જોઈએ કે તેને કબુલ કરે અને અગર કોઈ એમ માને કે હું જે કહી રહ્યો છું તે ખોટુ છે, તો તેને દલીલ વડે સાબીત કરે.

પછી આપ (અ.સ.) એ તેઓને ફરમાવ્યું: હું તમને ખુદાનો વાસ્તો આપી પુછુ છું કે જે તમારી સચ્ચાઈને જાણે છે, જ્યારે તમે સાચુ બોલો છો અને તમારા જુઠાણાને પણ જાણે છે, જ્યારે તમે ખોટું બોલો છો. શું મારી સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે બન્ને કીબ્લા1 તરફ નમાઝ પડી હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે બન્ને મૌકાઓ ઉપર બયઅત કરી હોય, ફત્હે મક્કાના સમયે અને રીઝવાન2. તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના ભાઈને જન્નતમાં બે પાંખ આપવામાં આવ્યા છે. તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના કાકા શહીદોના સરદાર છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેની પત્નિ જન્નતની ઔરતોની સરદાર છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેની બે દીકરાઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના ફરઝંદો છે અને તેઓ જન્નતના જવાનોના સરદાર છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે નાસીખ (આયતો) અને મન્સુખ (આયતો) જાણે છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેની પાસેથી અલ્લાહે નજાસતોને દૂર રાખી અને એવા પાક રાખ્યા જેવો પાક રાખવાનો હક્ક છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે જીબ્રઈલ (અ.સ.)ને દહીયતુલ કલ્બીના સ્વરૂપમાં જોયા હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે રૂકુઅરૂની હાલતમાં ઝકાત આપી હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.)એ સ્પર્શ કર્યો હોય અને ખયબરના દિવસ અલમ આપ્યો હોય અને તેને જરા પણ ગરમી કે ઠંડી4 મહેસુસ ન થઈ હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેની રસુલુલ્લાહ (સ.અ.વ.) એ અલ્લાહના હુકમથી ગદીરે ખુમના મૈદાનમાં નિમણુંક કરી હતી અને ફરમાવ્યું હતું કે 'હું જેનો જેનો મૌલા છું અલી (અ.સ.) પણ તેના મૌલા છે. અય અલ્લાહ! તેની મોહબ્બત કર જે અલી (અ.સ.)ને ચાહે અને તેની સાથે નફરત રાખ જે અલી (અ.સ.) ને દુશ્મન રાખે. તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે રસુલુલ્લાહ (સ.અ.વ.)ની હાજરીમાં તેમનો ભાઈ અને તેમના સફરમાં તેમનો સાથી હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે અમ્ર ઈબ્ને અબ્દેવુદની સામે જંગે ખંદકમાં આવ્યો અને તેને કત્લ કર્યો? તેઓએ કહ્યું: નહિ.આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું હોય 'તમે મારા માટે એવા છો જેવી રીતે હારૂન (અ.સ.) મુસા (અ.સ.) માટે સિવાય એ કે મારા પછી કોઈ નબી નહિ હોય.' તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે અલ્લાહે કુરઆનમાં મોઅમીન તરીકે સંબોધીત કરીને દસ આયતો નાઝીલ કરી છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ માટી આપી હોય અને તેને કાફીરોના ચહેરાઓ ફેંકી અને તેમને પરાજીત કર્યા તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેની સાથે ફરિશ્તાઓ ઓહદના દિવસે રોકાયા હતા જ્યારે કે લોકો ચાલ્યા ગયા હતા? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના કર્ઝને અદા કર્યું? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના ચહેરાને જોવા માટે જન્નત આતુર છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે રસુલુલ્લાહ (સ.અ.વ.)ની શહાદતના સમયે ત્યાં હાજર હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ગુસ્લ અને કફન આપ્યું? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે રસુલુલ્લાહ (સ.અ.વ.)ની તલવાર, તેમનો મરતબો, તેમની વિંટી વારસામાં મળી હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ તેમની પત્નિઓને તલાક દેવાનો અધિકાર આપ્યો છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાની પીઠ ઉપર ઉપાડયા હોય જેથી તે ખાને કાબાના દરવાજા ઉપરના બુતોને તોડી શકે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને જંગે બદ્રના દિવસે તેના નામથી બોલાવવામાં આવ્યો હતો કે કોઈ તલ્વાર નથી ઝુલ્ફીકાર જેવી અને કોઈ જવાન નથી અલી (અ.સ.) જેવા? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે તે (ભુંજેલા) પક્ષીને ખાધુ કે જે રસુલ (સ.અ.વ.)ને (અલ્લાહ તરફથી) તોહફા તરીકે આપવામાં આવ્યું હતું? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું: તમે મારા હોદ્દાના આ દુનિયામાં વારસદાર છો અને આખેરતમાં મારા પરચમના? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે જેણે સદકો આપીને રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે એકાંતમાં મશ્વેરો કર્યો (વાતો કરી)? તેઓએ કહ્યું: નહિ.5

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના ચપ્પલને સાંધી આપ્યા? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'હું તમારો ભાઈ છું અને તમે મારા ભાઈ છો'? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'અય અલ્લાહ! અલી (અ.સ.) મારા નઝદીક સૌથી વધારે પ્રિય મખ્લુક છે અને હક્ક સંબંધીત સૌથી વધારે સાચા? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે 100 વાટકા 100 ખજુરથી ભરી દીધા અને તે એક ખજુર લઈને આવ્યો હોય જેના વડે રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ખવડાવ્યું હોય જ્યારે આપ (સ.અ.વ.) ભૂખ્યા હતા? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે જીબ્રઈલ, મીકાઈલ અને ઈસ્રાફીલે 3000 ફરીશ્તાઓ સાથે બદ્રના દિવસે સલામ કરી હતી? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે રસુલુલ્લાહ (સ.અ.વ.)નું રક્ષણ કર્યું હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે સૌથી પ્રથમ અલ્લાહની તવહીદમાં માન્યુ હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે રસુલુલ્લાહ (સ.અ.વ.)ની બેઠકોમાં સૌ પ્રથમ પહોંચનાર અને સૌથી છેલ્લા રૂખ્સત6 થનાર છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે ત્યાં સુધી ચાલ્યું હોય કે તેઓ એક બગીચા સુધી પહોંચી જાય પછી મેં કહ્યું આ કેવો ખુબસુરત બગીચો છે! ત્યારે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ જવાબમાં ફરમાવ્યું: જન્નતમાં આનાથી પણ ખુબસુરત બગીચો તમારા માટે છે... ત્યાં સુધી કે અમે ત્રણ બગીચાઓ સુધી

પહોંચ્યા અને દરેક બગીચા માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું: તમારો બગીચો જન્નતમાં આના કરતા વધારે ખુબસુરત છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું હોય 'તમે મારા ઉપર ઈમાન લાવવામાં સૌ પ્રથમ છો અને કયામતના દિવસે મને સલામ કરનાર સૌ પ્રથમ હશો.'? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) પત્નિ અને બે ફરઝંદો સહીત ઈસાઈઓ અને નજરાન[7] ઉપર લઅનત કરવા સાથે લઈ ગયા? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું હોય 'અય અનસ! પહેલા શખ્સ કે જે આ દરવાજાથી દાખલ થશે તે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) હશે, મુસલમાનોના સરદાર, વસીઓમાં શ્રેષ્ઠ અને લોકોમાં સર્વશ્રેષ્ઠ.' અનસે દોઆ કરી: 'અય અલ્લાહ! તે વ્યકિત અન્સારોમાંથી હોય.' પછી હું દાખલ થયો અને રસુલે ખુદા (સ.અ.વ.) એ અનસને મુખાતબ થઈને ફરમાવ્યું: 'અય અનસ! તમે તે સૌ પ્રથમ શખ્સ નથી જેને તેની કૌમ પસંદ કરતી હોય.' તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે કુરઆનની આ આયત નાઝીલ થઈ "બેશક તમારો મૌલા અલ્લાહ છે અને તેના રસુલ (સ.અ.વ.) અને તેઓ કે જેઓ ઈમાન લાવ્યા, નમાઝ કાયમ કરે છે અને રૂકુઅ[8]ની હાલતમાં ઝકાત આપે છે. તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે અને જેની અવલાદ માટે આ આયત "બેશક નેક લોકો તે પ્યાલામાંથી પીવે છે જેમાં કપુરનું પાણી છે.[9] થી લઈને આખો સુરો નાઝીલ થયો? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે અલ્લાહે કુરઆનની આ આયત નાઝીલ કરી "શું તમો હાજીઓને પાણી પીવડાવવું તથા મસ્જીદુલ હરામને આબાદ રાખવાના કાર્યોને તે શખ્સના કાર્યો જેવા સમજો છો જે અલ્લાહ તથા કયામત ઉપર ઈમાન લાવ્યો અને અલ્લાહની રાહમાં જેહાદ કર્યો હોય? હરગીઝ તેઓ અલ્લાહની પાસે સમાન નથી?[10] તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ 1000 કલેમાત શીખવ્યા, જે દરેક કલેમો બીજા 1000 કલેમાઓની ચાવીઓ હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ તાએફના દિવસે સલામતી આપી? ત્યારે અબુબક્ર અને ઉમરે આપ (સ.અ.વ.)ને કહ્યુંઃ તમે અલી (અ.સ.)ને સલામતી અતા કરી અને અમને નહિ. પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ તેઓને ફરમાવ્યુંઃ 'મેં અલી (અ.સ.)ને સલામતી અતા નથી કરી પરંતુ આ અલ્લાહ તરફથી મને હુકમ હતો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેની પ્યાસને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ મેહરાસ11 આપી બુજાવી હોય? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ કયામતના દિવસે તમામ મખ્લુકમાં તમે મારાથી સૌથી વધારે નઝદીક હશો. તમારી શફાઅતથી રબીઆહ અને મુઝાર12 કબીલા કરતા વધારે લોકો જન્નતમાં દાખલ થશે? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'અય અલી (અ.સ.)! તમે અને હું બન્ને ચાદર કિસા) નીચે હતા  જ્યારે મેં ઓઢયું ત્યારે તમે ઓઢયું? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે અને તમારા શીઆઓ કયામતના દિવસે સફળ થાશો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તે શખ્સ જુઠ્ઠો છે જે મને ચાહવાનો દાવો કરે છે પણ તમારી (અલી અ.સ.) સાથે દુશ્મની રાખે છે? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'જે કોઈ મારા આ વાળને ચાહે છે તે મને ચાહે છે અને જે મને ચાહે છે તે અલ્લાહને ચાહે છે.' પછી પુછવામાં આવ્યું અય રસુલુલ્લાહ (સ.અ.વ.) તમારા વાળ કોણ છે? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'અલી (અ.સ.), હસન (અ.સ.), હુસૈન (અ.સ.) અને ફાતેમા (સ.અ.)?13 તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે નબીઓ પછી ઈન્સાનોમાં શ્રેષ્ઠ છો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે ફારૂક છો જે હક્ક અને બાતિલ વચ્ચે ફર્ક કરે છે? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે કયામતના દિવસે નબી (રસુલ સ.અ.વ.) પછી અમલના હિસાબે શ્રેષ્ઠ મખ્લુક હશો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેની ચાદર રસુલુલ્લાહ (સ.અ.વ.) એ લીધી અને તેમાં મને, મારી પત્નિને અને મારા બન્ને ફરઝંદોને રાખ્યા અને ફરમાવ્યું 'અય અલ્લાહ! હું અને મારા એહલેબૈત (અ.મુ.સ.) તારી તરફ છે, ન કે જહન્નમ તરફ? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના માટે જમવાનું લઈને ગયા જ્યારે આપ (સ.અ.વ.) ગુફામાં હતા અને તેમના સુધી ખબરો પહોંચાડી? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમારા સિવાય કોઈ રાઝદાર (રહસ્યોને જાણાર) નથી? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે મારા ભાઈ છો અને મારા વઝીર છો અને મારા કુટુંબમાંથી મારા સાથીદાર છો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે અમ્ન (શાંતિ) સ્થાપિત કરવામાં સૌ પ્રથમ છો, ઈલ્મમાં સૌથી શ્રેષ્ઠ અને ખુબજ સબ્ર કરવાવાળા છો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે યહુદીઓ સામેની જંગમાં યહુદી મરહબને કત્લ કર્યો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ઈસ્લામને સોંપ્યો અને પછી તેમણે તેને કહ્યું 'મારા પર છોડી દયો જ્યાં સુધી કે હું મારા પિતાને ન મળું.' પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ આ તમારી પાસે અમાનત છે.' પછી મેં કહ્યું 'અગર આ મારા માટે અમાનત છે તો બેશક હું સમર્પિત થાવ છું.' તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે ખયબરનો દરવાજો ખોલ્યા પછી ઉપાડયો અને 100 ફૂટ સુધી ચાલ્યા જ્યારે કે તે દરવાજો 40 લોકો દ્વારા ખોલવામાં આવતો હતો જ્યારે કે તેઓ હલાવી પણ ન શકયા? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે આ આયત નાઝીલ થઈ હતી 'અય ઈમાન લાવનારાઓ! જ્યારે તમે રસુલ (સ.અ.વ.)નો સલાહ લ્યો તો સલાહ લેવા પહેલા ખયરાત કરો.'14 પછી ખયરાત કરવામાં હું સૌ પ્રથમ હતો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'જે કોઈ અલી (અ.સ.)ને અપશબ્દો કહે તેણે મને અપશબ્દો કહ્યા અને જેણે મને અપશબ્દો કહ્યા તેણે અલ્લાહને અપશબ્દો કહ્યા? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'જન્નતમાં મારૂ ઘર તમારા ઘરની સામે હશે? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'અલ્લાહ તેની સાથે જંગ કરશે જે તમારી સાથે જંગ કરે, અલ્લાહ તેની સાથે અદાવત રાખશે જે તમારી પ્રત્યે અદાવત રાખે. તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના બિસ્તર ઉપર સુતા જ્યારે આપ (સ.અ.વ.) એ મદીના જવાનો ઈરાદો કર્યો અને આપ (સ.અ.વ.)નું પોતાની જાન પેશ કરી કાફીરોથી રક્ષણ કર્યું કે જેઓ આપ (સ.અ.વ.)ને કત્લ15 કરવા ચાહતા હતા? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે મારા પછી મારી ઉમ્મતમાં તમામ લોકોથી શ્રેષ્ઠ છો? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે કયામતના દિવસે અર્શની જમણી તરફ હશો અને અલ્લાહ તમને બે લીબાસ અતા કરશે, એક લીલા રંગનો હશે અને બીજા ગુલાબી? તેઓએ કહ્યુંઃ નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે લોકો સામે 7 વર્ષ અને 7 મહીના નમાઝ પઢી? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'કયામતના દિવસે અલ્લાહ મને પોશાક આપશે અને તે નૂરાની પોશાક હશે જ્યારે તમે મારો પોશાક લેશો અને મારા એહલેબૈત (અ.મુ.સ.) તમારો પોશાક લેશે.'? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે મારી જેવા છો, તમારા માટે મોહબ્બત મારા માટે મોહબ્બત છે અને તમારા માટે નફરત મારા માટે નફરત છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમારી વિલાયત એ મારી વિલાયત છે. આ એક વાયદો છે જે મારા રબે મને સોપ્યો હતો અને હુકમ કર્યો હતો કે તમને બધાને આ હુકમ પહોંચાડું? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'અય અલ્લાહ! તેમને મારા માટે મદદગાર, સહાયક અને સમર્થક બનાવ? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'માલ ઝાલીમોનો સરપરસ્ત છે અને તમે મોઅમીનોના સરપરસ્ત છો? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'બેશક હું તમારી માટે એક એવા શખ્સને મોકલીશ કે અલ્લાહે જેના દીલનું ઈમ્તેહાન ઈમાનથી લીધું હશે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના સાથે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ખાધુ અને ફરમાવ્યું 'આ જન્નતનું દાડમ છે. તેમાંથી નબી અથવા નબીના વારસદાર સિવાય બીજા કોઈ માટે ખાવું જાએઝ નથી? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'મેં મારા રબ પાસે કોઈ ચીઝ નથી માંગી સિવાય કે તેણે મને અતા કરી હોય અને મેં મારા રબ પાસે કોઈ ચીઝ નથી માંગી સિવાય કે તે તમારા માટે પણ તેજ ચીજ માંગી છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે તેઓમાંથી અલ્લાહની ઈતાઅત કરવામાં શ્રેષ્ઠ છો, અલ્લાહ સાથે કરેલા વાયદાને વફા કરવામાં શ્રેષ્ઠ છો, ન્યાય બાબતે તેઓમાં સૌથી વધુ ઈલ્મ ધરાવનાર, સમાનતાને શ્રેષ્ઠ પરખનાર અને ફઝીલતમાં અલ્લાહ સમક્ષ સૌથી વધુ માનનીય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમારી આ ઉમ્મત ઉપર શ્રેષ્ઠતા એવી છે જેવી સૂર્યની ચાંદ ઉપર અને ચાંદની તારાઓ ઉપર? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'અલ્લાહ તમારા દોસ્તને જન્નતમાં દાખલ કરશે અને તમારા દુશ્મનને જહન્નમમાં? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'દરેક ઈન્સાન અલગ અલગ વૃક્ષમાંથી છે જ્યારે કે આપણે બન્ને એકજ વૃક્ષમાંથી છીએ? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેનાથી અલ્લાહ કુરઆને કરીમમાં બે આયતો (કે જેમાં અલ્લાહ સુ.વ.ત.એ જાહેર કર્યું છે કે) તે મારાથી રાઝી છે?16 તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'હું નબી આદમ (અ.સ.)ના ફરઝંદોનો સરદાર છું અને તમે અરબોના સરદાર છો અને હું તે બારામાં ગર્વ નથી કરતો'? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમારી મંઝીલ એ મારી મંઝીલ છે અને તમારા શીઆઓની મંઝીલ હૌઝે કવસર છે જ્યારે ઉમ્મતો હૈરાન હશે અને મિઝાન કાયમ કરવામાં આવશે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'અય અલ્લાહ! બેશક હું તેને ચાહુ છું, તેથી તું પણ તેની સાથે મોહબ્બત કર. અય અલ્લાહ! બેશક હું તેને તારા હવાલે કરૂ છું? તેઓએ કહ્યું: નહિ.આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'બેશક તમે લોકો માટે ફેંસલો કરશો, પછી

નમાઝ કાયમ કરી, ઝકાત અદા કરી, અમ્રબીલ મઅરૂફ કરી, નહ્ય અનીલ મુન્કર કરી, શરીઅતના હુકમો લાગુ પાડી, સમાનતાથી વહેંચણી કરી ફેંસલો કરજો? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે બદ્રના દિવસે જેનો હાથ રસુલુલ્લાહ (સ.અ.વ.) એ પકડયો અને એટલો બલંદ કર્યો કે લોકોને તેમના બગલની સફેદી દેખાવા લાગી અને ફરમાવ્યું 'અય લોકો! જાણી લ્યો કે આ મારા ભાઈ છે અને મારા પછી મારા ખલીફા છે, પછી તેમનું અનુસરણ કરો અને તેમની સલાહ લ્યો અને તે જે કાંઈ કહે તેને કબુલ કરો કારણકે બેશક તે તમારો મૌલા છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે આ આયત નાઝીલ થઈ છે "અને પછી તેમને પોતાને જરૂર હોવા છતાં બીજાને પોતાના ઉપર વિશેષતા આપે છે અને જે શખ્સ પોતાની સ્વભાવિક કંજુસાઈથી બચ્યો તો તેઓજ સંપૂર્ણ ભલાઈ મેળવનારા છે?17 તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે જીબ્રઈલ મહેમાન બન્યા હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ જન્નતના કપુરોમાંથી કપુર આપ્યું અને ફરમાવ્યું 'આની ત્રણ ભાગોમાં તકસીમ કરો, 1/3 ભાગ મારા માટે છે, 1/3 ભાગ મારી દુખ્તર માટે છે અને 1/3 ભાગ તમારા માટે છે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જ્યારે હું રસુલુલ્લાહ (સ.અ.વ.)ની મુલાકાત કરતો તો આપ (સ.અ.વ.) મને બોલાવતા અને પોતાની નઝદીક કરતા અને તેમના ચહેરા ઉપર ખુશી ફેલાય જતી? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'બેશક કયામતના દિવસે હું તમારા ઉપર ગર્વ કરીશ જ્યારે નબીઓ (અ.મુ.સ.) તેઓના વારસદારો ઉપર ગર્વ કરશે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ સુરએ બરાઅત (કુરઆને કરીમનો નવમો સુરો) આપી મક્કાના કાફીરો તરફ મોકલ્યા? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'બેશક હું તમારા સાથે સહાનુભૂતિ રાખું છું એ માટે કે લોકોના દીલોમાં તમારા માટે વેરની લાગણી છે અને તે તેઓ ત્યાં સુધી જાહેર નહિ કરે જ્યાં

સુધી તેઓ મને ન ગુમાવે અને પછી જ્યારે તેઓ મને ગુમાવશે તેઓ તેના કારણે તમારો વિરોધ કરશે? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'અલ્લાહે તમારો વાયદો લીધો છે અને અલ્લાહે તમારી બાંહેધરી લીધી છે?18 તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેણે ખયબરના કીલ્લાને ફત્હ કર્યો હોય, મરહબની દિકરીને કૈદ કરી હોય અને તેણીને રસુલુલ્લાહ (સ.અ.વ.)ની ખીદમતમાં લઈ આવ્યા હોય? તેઓએ કહ્યું: નહિ.

આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે જહન્નમની વહેંચણી કરનાર છો. તમે પાકીઝા લોકોને તેમાંથી બહાર કાઢશો અને મુનાફીકોને તમે તેમાં નાખી દેશો? તેઓએ કહ્યું: નહિ.આપ (અ.સ.) એ ફરમાવ્યું: હું તમને ખુદાના વાસ્તે પુછું છું, શું મારા સિવાય તમારામાંથી કોઈ છે કે જેના માટે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું 'તમે અને તમારા શીઆઓ હૌઝ ઉપર મારી તરફ પાછા ફરશો, તૃપ્ત અને સંતોષી, નુરાની ચહેરાઓ સાથે અને તમારા દુશ્મન પ્યાસા, સુકાએલા હોઠો અને કાળા ચહેરાઓ સાથે? તેઓએ કહ્યું: નહિ.

પછી અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ફરમાવ્યું: હવે જ્યારે તમે તમારી ઝબાન વડે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના શબ્દોને કબુલ કર્યા અને સ્વીકાયર,િ તો હવે તમારા ઉપર જરૂરી છે કે અલ્લાહથી ડરો, કે જેનો કોઈ શરીક નથી, અલ્લાહે તમને તેની નારાઝગીની મનાઈ કરી છે, તેના હુકમનો અનાદર ન કરો, માલિકને તેનો હક્ક પાછો આપી દયો, તમારા નબી (સ.અ.વ.)ની સુન્નતનું અનુસરણ કરો, અગર તમે તેમનો વિરોધ કર્યો તો તમે અલ્લાહનો વિરોધ કર્યો અને જે તેનો સાચો હક ધરાવે છે તેના હવાલે કરી દો.

પછી આપ (અ.સ.) એ ફરમાવ્યું: પછી તેઓએ ઉપદ્રવી આંખોથી ઈશારા કરી એકબીજાથી મશ્વેરો કર્યો. તેઓએ કહ્યું: અમે તેમની ફઝીલતથી વાકેફ છીએ અને જાણીએ છીએ કે તેઓ ખીલાફતના સૌથી વધુ હક્કદાર છે. પરંતુ અલી (અ.સ.) એવા શખ્સ છે જે લોકો દરમ્યાન તફાવત કરતા નથી (એટલે કે અદ્લથી કામ લે છે) અને અગર તેમની ખીલાફત સ્વિકારી લેવામાં આવે તો તેઓ અમને અને તમને દીનમાં સમાન ગણશે. પરંતુ તેઓએ ઉસ્માન (ઈબ્ને અફફાન)ની ખીલાફતને સ્વિકારી કારણકે તે એવો શખ્સ હતો જે તેની તરફ વધારે રગબત ધરાવતો હતો અને પછી તેઓએ તેને ખીલાફત આપી.

1 'બન્ને કીબ્લા તરફ નમાઝ પડી'નો અર્થ એકજ નમાઝમાં બન્ને કીબ્લા રૂખ એટલે ખાનએ કાબા અને બય્તુલ મુકદ્દસ.

2 બયઅતે રીઝવાન એ વૃક્ષના નીચે લેવામાં આવી જેના પરિણામે હી.સ. 6 માં સુલહે હોદૈબીય્યાહ થઈ. આ સુલ્હ સુરએ ફત્હ 48:18 માં વર્ણવવામાં આવ્યું છે.

3 જુઓ સુરએ માએદાહ 5:55

4 અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને આંખનુ દર્દ હતું. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પોતાનું લોઆબે દઅન આપ (અ.સ.)ની આંખો ઉપર લગાડયું, ત્યાર પછી આ કારણે આપ (અ.સ.) કયારેય ગરમી કે ઠંડી મહેસુસ કરી નથી.

5 સુરએ મુજાદેલાહ : 12

6 અલ્લામા મજલીસી (અ.ર.) લખે છે કે આનો અર્થ યા તો દરરોજનો છે અથવા તો અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના મક્કામાં પ્રથમ વર્ષથી રસુલુલ્લાહ (સ.અ.વ.)ની શહાદત સુધી.

7 જુઓ સુરએ આલે ઈમરાન (3):61

8 સુરએ માએદાહ (5):55

9 સુરએ ઈન્સાન (76):5

10 સુરએ તૌબા (9):19

11 અલ-જવહરી મુજબ મેહરાસ એક કોતરેલ પથ્થર છે જેને મારવાથી વુઝુ માટે પાણી જારી થાય.

12 રબીઆહ અને મુઝાર ખુબજ વધારે વસ્તી ધરાવતા અરબના કબીલાઓ હતા.

13 અલ્લામા મજલીસી (અ.ર.) રસુલે ખુદા (સ.અ.વ.)નું એહલેબૈત (અ.મુ.સ.)ને વાળની નિસ્બત દેવાના કારણમાં લખે છે કે ઈન્સાનની ઝીન્નત તેના વાળમાં હોય છે.

14 સુરએ મુજાદલહ (58):12

15 સુરએ બકરહ (2):207, હિજરતની રાતનો બનાવ.

16 અલ્લામા મજલીસી (અ.ર.) લખે છે કે આનાથી મુરાદ સુરએ ફત્હ (48):18 અને સુરએ માએદાહ (5):199 અથવા સુરએ તૌબા (9):100. આનાથી સુરએ મુજાદેલહ (58):22 અને સુરએ બય્યનહ (98):7-8 પણ હોય શકે.

17 સુરએ હશ્ર(59):9

18 અલ્લામા મજલીસી (અ.ર.) લખે છે કે 'અલ્લાહે તમારો વિશ્વાસ લીધો છે'એટલે રસુલુલ્લાહ (સ.અ.વ.) ની દોઆ અથવા હદીસ હોય શકે દા.ત. અલ્લાહ તમને વિશ્વાસ, જવાબદારીઓ અને વાયદાઓને પરીપૂર્ણ કરવાની તવફીક અતા કરી. પ્રથમ અર્થ વધુ સ્પષ્ટ છે.